# એસીસીનો વાર્ષિક ચોખ્ખો નફો ૪૨ ટકા વધીને રૂ.૧૫૬૪ કરોડ થયો

## શેરધારકોને શેરદીઠ અંતિમ રૂ.૧૩ ડિવિડન્ડ

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,તા.૪

એસોસીયેટેડ સિમેન્ટ કંપની (એસીસી) લિ. ૩૧, ડિસે. ૨૦૦૯ના પૂરા થયેલા વર્ષમાં કોન્સોલિડેટેડ ધોરણે ચોખ્ખો નફો રૂ.૧૫૬૩.૯૧ કરોડ હાંસલ કર્યો છે. જે ગત વર્ષના રૂ.૧૦૯૯.૬૪ કરોડની તુલનાએ ૪૨.૨ ટકા વધ્યો છે. જ્યારે કુલ આવક રૂ.૭૯૭૪.૨૯ કરોડથી વધીને રૂ.૮૭૨૫.૪૧ કરોડ થઈ છે. કંપનીનું સિમેન્ટનું વેચાણ ૨૧૦.૧૦ લાખ ટનથી ૨.૪ ટકા વધીને ૨૧૫.૨૦ લાખ ટન થયું છે.

સ્ટેન્ડએલોન ધોરણે કંપનીનો ચોખ્ખો નફો રૂ.૧૨૧૨.૭૮ કરોડથી વધીને રૂ.૧૬૦૬.૭૩ કરોડ અને કુલ આવક રૂ.૭૫૭૧.૫૮ કરોડથી વધીને રૂ.૮૨૬૮.૩૦ કરોડ થયા છે. કંપનીને વર્ષ ૨૦૦૯માં સારા ભાવ ઉપજ, ઉત્પાદન પર અંકુશ સાથે અન્ય ખર્ચા પર અંકુશ થકી પ્રોત્સાહક પરિણામ હાંસલ થઈ શકાયા છે.

કંપનીએ અત્યાધુનિકીકરણ અને વિસ્તરણ યોજનાના ભાગરૂપ બારગઢ વિસ્તરણ પ્રોજેક્ટ અને ૧૫ મે.વોટ સ્વવપરાશી પાવર પ્લાન્ટની કામગીરી વર્ષ ૨૦૦૯ના ત્રીજા ત્રિમાસિકમાં પૂર્ણ કરી ઉત્પાદન ચાલુ કર્યું છે. બાકી હિસ્સો ચાલુ વર્ષ ૨૦૧૦ના પ્રથમ ત્રિમાસિકમાં કાર્યરત થવાની શક્યતા છે.

બારગઢ ખાતે કંપનીએ ક્ષમતા વધારી વાર્ષિક ૨૧ લાખ ટન કરી છે કર્ણાટકમાં પ્રથમ તબક્કામાં વાર્ષિક ૩૦ લાખ ટન ક્ષમતાનો ઉમેરો થશે. જે બે સેટલાઈટ પ્લાન્ટો શરૂ કરી પૂર્ણ કરાશે. બેંગલોર નજીક થોન્ડેભાવી ખાતે ૧૬ લાખ ટન ક્ષમતાનો ગ્રાઈન્ડિંગ પ્લાન્ટ અને બેલારી નજીક કુડ્રીથીની ગ્રાઈન્ડિંગ પ્લાન્ટ ૧૧ લાખ ટન ક્ષમતાનો હશે. કર્ણાટક યોજનાના બાકી તબક્કામાં ૫૦ મે.વોટની વધારાની સ્વવપરાશી પાવર ઉત્પાદન ક્ષમતા વર્ષ ૨૦૧૦ના ત્રીજા ત્રિમાસિકમાં શરૂ થવાની શક્યતા છે.

મહારાષ્ટ્રમાં ચંદા ખાતે નવી ક્લીન્કરીંગ લાઈન અને તેનો નવો ૨૫ મે.વોટ સ્વવપરાશી પાવર પ્લાન્ટ રૂ.૧૪૫૦ કરોડના ખર્ચે બંધાશે. જેથી સિમેન્ટની વધારાની ૩૦ લાખ ટન વાર્ષિક ક્ષમતા ઉમેરાશે અને આ ક્ષમતા ત્રીજા ત્રિમાસિકમાં પૂર્ણ થવાની શક્યતા છે.

એસીસીની કુલ ક્ષમતા હવે વધીને વાર્ષિક ૨૬૦ લાખ ટન જેટલી થઈ છે. ચંદા અને વાડી વિસ્તરણની કામગીરી પૂર્ણ થયા બાદ એસીસીની સ્થાપીત ક્ષમતા વાર્ષિક ૩૦૦ લાખ ટન પહોંચશે.